# કૃષિ મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી
### જબુગામ, તા: બોડેલી, જી. છોટા ઉદેપુર – ૩૯૧૧૫૫

## કૃષિ મહાવિદ્યાલય, જબુગામ ખાતે વાર્ષિક દિવસ "ઉન્મેષ- ૨૦૨૩" ની ઉજવણી

તા. ૩૦ મી મે, ૨૦૨૩ મંગળવાર અને જેઠ સુદ દશમના રોજ કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ ખાતે પાંચમો વાર્ષિક દિવસ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના અધ્યક્ષ સ્થાને "ઉન્મેષ ૨૦૨૩" રંગેચંગે ઉજવાઇ ગયો. સમારંભમાં મુખ્ય અતિથી તરીકે હાલમાં જ ભારત સરકાર દ્વારા દેશના ચોથા સર્વોચ્ચ પુરસ્કાર પદ્મશ્રીથી સન્માનિત એવા શ્રી પરેશભાઈ જયંતીભાઇ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. એમ. કે. ઝાલા સાહેબ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ. બી. પટેલ સાહેબ, કુલસચિવશ્રી ડૉ. ગૌતમ આર. પટેલ સાહેબ, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ ડૉ. ડી. આર. કથીરિયા સાહેબ તથા કૃષિ વિદ્યાશાખાધ્યક્ષ અને બં. અ. કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. વાય.એમ. શુક્લ સાહેબે અતિથી વિશેષ તરીકે પરિવાર સહ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. વધુમાં કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામના વિદ્યાર્થીઓ માટે ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ માટે અનુદાન કરનાર માનનીય દાતાશ્રીઓ ડૉ. જી. એમ. પટેલ સાહેબ, ડૉ. વી.વી. સોનાણી સાહેબ, ડૉ. એચ આર. પટેલ સાહેબ દ્વારા જેમના નામે દાન અપાયું છે એવા તેમના પિતાશ્રી રામજીભાઈ ભગત તથા તેઓશ્રીના મામાશ્રી રામચંદ્રભાઈ પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કર્મચારીઓ, નિવૃત વૈજ્ઞાનિકશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ખેડુતમિત્રો, કાર્યક્રમમાં અનુદાન આપનાર દાતાશ્રીઓ, કૃષિ મહાવિદ્યાલય, જબુગામના સર્વે વૈજ્ઞાનિકશ્રીઓ, કર્મચારી ગણ, પરિવારજનો, શ્રમયોગીઓ તથા વિદ્યાર્થીઓ મળી અંદાજીત કુલ ૪૦૦ જણ હાજર રહી સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પરમ્પરાગત સંસ્કૃતિ તિલક, પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ અત્રેની કોલેજના માનનીય આચાર્યશ્રી ડૉ. સુનીલ આર. પટેલ સાહેબ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તથા કોલેજના દશ વર્ષ પૂર્ણ થતા સંસ્થાની વિકાસગાથા વિષે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ત્યારબાદ આમંત્રિત સર્વે મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના જનરલ સેક્રેટરી શ્રી દિવ્યેશ લપકામણા દ્વારા ગતવર્ષના કાર્યકાળ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓ તથા મેળવેલ સિધ્ધિઓ વિષયક અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અતિથી વિશેષ નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ ડૉ. ડી. આર. કથીરિયા સાહેબે સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી મેળવેલ સિધ્ધિઓને બિરદાવી હતી. આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી અતિથી વિશેષ ડૉ. એમ. કે. ઝાલા સાહેબ દ્વારા પણ વિદ્યાર્થીઓને ખુબજ સરસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, સાથે સાથે તેઓશ્રીએ જબુગામ કેન્દ્ર દ્વારા સંશોધનમાં થયેલ કામગીરીને પણ બિરદાવી હતી. વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેનાર તથા સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર કર્વે વિદ્યાર્થીઓને મંચ પર ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા ટ્રોફી તથા સર્ટીફીકેટ આપી સન્માન કરાયું હતું. ગુજરાત રાજ્ય આંતર કૃષિ યુનિવર્સિટી સ્પર્ધાઓમાં કોલેજના કુલ ૧૪ વિદ્યાર્થીઓ, રાષ્ટીય સ્તરે આંતર કૃષિ

યુનિવર્સિટી સ્પર્ધાઓમાં કોલેજના કુલ ૧૬ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ જે સર્વેનું સન્માન કરવામાં આવ્યું હતું સાથે સાથે રાષ્ટ્રીય સ્તરે એક પાત્રીય અભિનય સ્પર્ધામાં બેંગ્લોર ખાતે ભાગ લઇ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર કોલેજની વિદ્યાર્થીની દેવાંશી પાઠકનું પ્રમાણપત્ર તથા ટ્રોફી આપી સન્માન કરાયું હતું. ત્યારબાદ છોટાઉદેપુર જીલ્લાના રહેવાસી અને સમારંભના મુખ્ય અતિથી પદ્મશ્રી પરેશભાઈ રાઠવાએ પોતાના જીવનના અનુભવોના આધારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તથા સંસ્કૃતિને સાચવવા માટે અનુરોધ કર્યો હતો. ત્યારબાદ આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને સમારંભના અધ્યક્ષ ડૉ. કે. બી. કથીરિયા સાહેબે ખુબજ મહત્વપૂર્ણ વકતવ્ય આપી સર્વે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે તેઓશ્રીએ જબુગામ કોલેજના સર્વેને કાર્યક્રમના સુચારુ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં કૃષિ મહાવિદ્યાલય, જબુગામના એસઆરસી ચેરમેન ડૉ. વિનોદ બી. મોર દ્વારા કાર્યક્રમમાં હાજર તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે અથાગ પ્રયત્ન કરનાર સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો. ત્યારબાદ સમારંભમાં ઉપસ્થિત સર્વેએ રાષ્ટ્રગીત ગાઈ અને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ સ્વરુચિ ભોજન લઇ સર્વે મહેમાનોએ કાર્યક્રમની સફળતા બદલ શુભેચ્છાઓ પાઠવી વિદાય લીધી હતી.









COLLEGE OF


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM
AAU
G20


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM
AAU
TITLE SPONSORED BY
GUJARAT PESTICIDES
CO SPONSORED BY
5th
Annual Day Celebration
30th MAY, 2023
UNMESH
2023
G20
MILLETS
GOLDEN SPONSOR


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABU
TITLE SPONSORED BY


Dr. H. B. Patel


GUJARAT PESTICIDES
Dr. M. K. JHALA
Dr. K. B. KATHIRIA


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM
Annual Day Celebration
30th MAY, 2023




COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM
UNMESH
MILLETS


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM


COLLEGE OF AGRICULTURE, ANAND AGRICULTURAL UNIVERSITY, JABUGAM
Annual Day
MILLETS





**********